જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/03/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૩૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૭૮ વ્યક્તિઓને ઝડપી, ૨૦૩ લીટર દેશી દારૂ, ૦૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૧૬ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૩૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૩૬/૨૦૨૩

**નિકોલઃ** મયુરસિંહ દશરથસિંહ સોનાસણીયા (ઉ.વ.૩૭)(રહે.સહજાનંદ રેસીડન્સી-૦૧ ન્યુ ઇન્ડિયા કોલોની રોડ નિકોલ) એ તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૩ સાંજના ૬/૩૦ થી તા.૨૫/૦૩/૨૦૨૩ ના કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન આરોપી જય મુકેશભાઇ પટેલ (રહે.રિધ્ધી-સિધ્ધીપાર્ક સોસાયટી નર્મદાનગર પાસે માંજલપુર વડોદરા)એ મયુરસિંહેની મારૂતિ સુઝુકી કાર નંબર જીજે.૦૧.કે.ડબલ્યુ.૮૦૧૮ કિંમત રૂપિયા ૬,૫૦,૦૦૦/- મયુરસિંહને વિશ્વાસમા લઇ તેમની કાર કંપનીમા ભાડેથી લઇ જવાનું જણાવી ગાડી લઇ જઇ, ઝુમ એપ્લીકેશનનો જી.પી.એસ. બંધ કરી દઇ તેમજ પોતાનો મોબાઇલ ફોન પણ બંધ કરી દઇ કાર પરત નહી કરી મયુરસિંહ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.કુશ્વાહ ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૩૭/૨૦૨૩**

**વટવાઃ** કૈલાશચંદ્ર તોફાનભાઇ નિનામા (રહે.ગીરાપરાની ચાલી, ભાથીજી મંદિર પાસે, જાનીયાપીરનો ટેકરો, વટવા)નાઓનો સાડા ત્રણ વર્ષનો પુત્ર ક્રિયાંશ તા.૨૮/03/૨૦૨૩ સવારના ૯/30 થી ૧૦/30 વાગ્યા દરમ્યાન રમતા-રમતા ઘરની બહાર આવેલ પાણીની અંડર ગ્રાઉન્ડ ટાંકીમાં પડી જતા ડુબી જતા સારવાર અર્થે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન સવારના ૧૧/૨૦ વાગે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિરેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

**માટી નીચે દબાઇ જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૩૮/૨૦૨૩**

**ખોખરાઃ** ખોખરા મણીનગર પુર્વ સેવન્થ ડે બ્રીજની બાજુમા સુંદરમ ફ્લેટની સાઇડ ઉપર ઓરડીમા રહેતા અને ત્યાંજ કામ કરતા સંજયભાઇ કલસિંહ ભુરીયા (ઉ.વ.૨૬)(મુળ રહે.ગામ-દેમારા તા-જી.જાંબુઆ, મધ્યપ્રદેશ) તા.૨૮/03/૨૦૨૩ સાંજના ૫/30 વાગ્યાના સુમારે સુંદરમ ફ્લેટની સાઇટ ઉપર પાણી છાંટતા હતા ત્યારે માટીની ભેખડ પડતા સંજયભાઇ માટી નીચે દબાઇ જતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૩૯/૨૦૨૩**

**કાલુપુરઃ** મોઈનુલ્લાહ ઈબાદુલ્લાહ અબ્બાસી (ઉ.વ.૨૩)(રહે.ગલી નંબર-૧૧ નવી મોહોલ્લત પાંચકુવા કાલુપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/03/૨૦૨૩ બપોરના ૪/૪૫ વાગે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો ભરાવી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/03/૨૦૨૩ સવારના ૧૧/30 વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.બી.ગામીત ચલાવે છે.

**ઓઢવઃ** હિતેષભાઇ શીવાભાઇ ગોહીલ (ઉ.વ.૩૯)(રહે.સીંગરવા તલાવડીની બાજુમાં આવેલ કાચા છાપરામા, સીંગરવા-ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૮/03/૨૦૨૩ ના કલાક ૧/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે જમણા હાથની કલાઇ ઉપર કંઇક મારી દેતા લોહી નિકળતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/03/૨૦૨૩ સવારના ૧૧/00 વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પ્રજાપતિ ચલાવે છે.

**રામોલઃ** વિશાખાબહેન વા/ઓ શરદભાઇ ઉપાધ્યાય (ઉ.વ.૫૭)(રહે.શ્રીનંદ સીટી વિભાગ-૦૫ ન્યુ મણિનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૮/03/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાની જાતે રહેણાંક ફ્લેટના ધાબા ઉપરથી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

**વટવાઃ** પિન્ટુસિંહ સ/ઓ મોહનસિંહ કડેચા (ઉ.વ.૧૪)(રહે.નિગમ સોસાયટી વટવા)એ અગમ્ય કારણસર તા.૨૭/03/૨૦૨૩ બપોરના ૧૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પદાર્થ ખાઇ લેતા સારવાર અર્થે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તા.૨૭/03/૨૦૨૩ રાતના ૧૦/૧૦ વાગે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.ગોહિલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી